**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૭ ટકા

# સ્માર્ટ ગાંધીનગરમાં ૨૪ કલાક ઘરે ઘરે પાણી આવશે

## નગરની ગૃહીણીઓનુ સ્વપ્ન સાકાર થશે : સેકટરોમાં ઉઠતી પાણીની પોકાર પર પુર્ણવિરામ આવશે : ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની કાર્યયોજના તૈયાર : અંદાજિત ૨૫૦ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરનો આજે ૫૯ મો જન્મદિવસ છે. એક જમાનામાં હરિયાળી વનરાજી થી ઘેરાયેલુ નગર સાડા પાંચ દાયકાના અંતે હવે સ્માર્ટ સીટી બનવા તરફ આગેકુચ કરી રહ્યુ છે ત્યારે શહેરના સેકટરોમાં માળખાગત સુવિધાઓને અપગ્રેડ કરવા માટે પણ વિશેષ આયોજન કરાયું છે. નગરના સેકટરોમાં સમયાંતરે પાણીની ઉઠતી પોકારને કાયમી શાંત કરવા માટે શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય કરવાની કાર્યયોજના હાથ ધરાશે. સ્માર્ટ ગાંધીનગરમાં દરેક ઘરે ૨૪ બાય ૭ પાણી આવશે. આ માટે જરૂરી મશીનરી અને પાઈપલાઈન પણ નવી નાંખવામાં આવશે. શહેરમાં પાણીના આ નવા પ્રોજેકટની કામગીરી પાછળ અંદાજિત ૨૫૦ કરોડનો ખર્ચ કરાશે. આ પ્રોજેકટના અંતે નગરની ગૃહીણીઓનુ સ્વપ્ન સાકાર થતા હાંશકારો થશે. દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ ગાંધીનગરાઓ કરે છે તેવો અંદાજ છે. ત્યોર શહેરમાં આ પ્રોજેકટની કામગીરીના અંતે પાણીના વપરાશમાં ૧૦ થી ૧૨ ટકાની બચત થશે એમ આ પ્રોજેકટમાં શરૂઆતથી જોડાયેલ પાણી પુરવઠા બોર્ડના મુખ્ય ઈજનેર પ્રકાશભાઈ શાહે જણાવ્યું હતું.



ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અંતર્ગત વિકાસના નવા કામો તબક્કાવાર હાથ ધરવામાં આવશે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી પાણી ગટરની વ્યવસ્થામાં કોઈ ખાસ સુધાર આવ્યો નથી હાલની સ્થિતિએ સેકટરની વધતી વસતી અને વિકાસના લીધે સેકટરોમાં ઘણીવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. દાયકાઓ જુની લાઈન પણ બદલવાની અનિવાર્યતા છે. ત્યારે સ્માર્ટ બનવા તરફ ડગ માંડતા નગરમાં આગામી દિવસોમાં ૨૪ કલાક પાણી પુરવઠો મળે તેવો પ્રોજેકટ તૈયાર કરી દેવાયો છે.જયારે ટુંકમાં જ આ પ્રોજેકટ પર કામ પણ શરૂ કરી દેવાશે. સ્માર્ટ સીટી અંતર્ગત હાથ ધરાનારા આ પ્રોજેકટ અન્વયે સરીતા ખાતે ૪૫ એમ એલ ડીનો સ્ટોરેજ બનાવાશે. હયાત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનુ નવિનીકરણ કરવામાં આવશે.

આ ઉપરાંત વોટર ડિસ્ટ્રીબ્યુશન, નેટવર્ક,હાઉસ સર્વિસ કનેકશન, ભુગર્ભ સંપ, પંપીગ મશીનરી, પંપહાઉસ, ઈલેકટ્રીક વર્કસનુ કામ પણ હેડવર્ક ખાતે હાથ ધરવામાં આવશે. આ પ્રોજેકટ અન્વયે અમૃત યોજના હેઠળ રૂ ૧૦૦ કરોડ અને ૨ સ્માર્ટ સીટી યોજના અન્વયે રૂ ૧૨૯ કરોડની નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે. અમૃત યોજના હેઠળ શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રૂ ૧૦૦ કરોડ જયારે સ્માર્ટ સીટી યોજના હેઠળ રૂ ૧૨૯ કરોડની રકમ પાણી પુરવઠા અને ગટર બોર્ડને ફાળવવામાં આવી છે. નાયબ કાર્યપાલક ઈજનેર કેતન ચૌધરીએ ઉમેર્યુ હતું કે, આ પ્રોજેકટના આધારે નગરજનોને ૨૪ કલાક પાણી સપ્લાય કરવામાં આવશે જયારે પાણીના વપરાશમાં ૧૦ થી ૧૨ ટકા બચત થશે. આ પ્રોજેકટથી અંદાજિત અંદાજિત રૂ.૧.૪૧ થી ૨૧ કરોડ સુધીની આવક થશે. જુની પાઈપલાઈન પણ બદલાવાની હોવાથી પાણીના વહનને કારણે થતા વ્યયને અટકાવી શકાશે. જયારે પાણીની લાઈનમાં પ્રેશર હોવાથી દુષિત પાણીની ફરિયાદો પણ ટાળી શકાશે. હાઈડ્રોલિક ડીઝાઈનની પાઈપલાઈનના લીધે શહેરના દરેક ખુણે પ્રેશરથી પાણી મળી રહેશે. છેવાડાના વિસ્તારમાં પણ બીજા માળ સુધી પાણીનો સપ્લાય મળી રહેશે.સમગ્ર પાણી વિતરણની યોજનાનુ મોનીટરીંગ સ્કાડા સિસ્ટમથી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

# મેયરના ફલેટના મીટરબોક્ષ આગમાં બળીને ખાક





ગાંધીનગર શહેરના સેકટર-૨૨ આનંદ વાટીકામાં મેયરના ફલેટના મીટરબોક્ષમાં શનિવારના રોજ બપોરના સમયે અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગને પગલે ફેલટમાં રહેતા નાગરીકોમાં દોડધામ મચી ગઈ હતી. બનાવ અંગે ફાયર વિભાગને જાણ થતા ફાયર ઓફિસર મહેશ મોડ તાત્કાલીક ટીમ સાથે આવી પહોંચ્યા હતા. ફલેટના ભોંયતળીયે આવેલા મીટરબોક્ષમાં લાગેલી આગ પર પાણીનો મારો ચલાવી ગણતરીની મીનીટોમાં કાબુ મેળવી લીધો હતો. આનંદ વાટીકાના આ ફલેટમાં આવેલા ઈલેક્ટ્રીકના મીટરબોક્ષમાં શોર્ટસર્કિટ થવાને પગલે આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે.

# સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકો માટે રક્ષાબંધનની 'વિશેષ' ઉજવણી

ગાંધીનગર, તા.૧

રક્ષાબંધન એ સમગ્ર વિશ્વના તહેવારોમાં ભારતીય સંસ્કૃતિની એક અનોખી દેન છે, ભાઈ-બહેનના હેતનો આ અવસર તે સાથે કોઈના પ્રત્યે પણ સુરક્ષાની કામના વ્યકત કરવાનું પર્વ છે. આ વિશેષ પર્વની શહેરના સેકટર-૧૯ ખાતેના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકોને સંચાલક સંસ્થાની મહિલા ટ્રસ્ટી તથા તેમના પરિવારની મહિલા સભ્યોએ રાખડી બાંધી ઉજવણી કરી હતી.



ગાંધીનગરના સેકટર-૧૯ ખાતે એચઆઈવી ગ્રસ્ત શેરો પોઝિટિવ બાળકોના આશ્રયસ્થાન સમા સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમનું સંચાલન હવે જે.ડી. પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે. સંસ્થા દ્વારા આ બાળકોની રોગપ્રતિકારક શકિત નબળી હોવાને કારણે અત્યારે કોરોના કાળમાં તેમની વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. આ સાથે બાળકોના સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ માટે સંસ્થા સતત કાર્યરત છે. સ્પેશિયલ બાળકોમાં રક્ષાબંધન પર્વની સમજ કેળવાય તથા આ પર્વનો આનંદ માણી શકે તે હેતુથી સંચાલક સંસ્થાની મહિલા ટ્રસ્ટી તથા તેમના પરિવારની મહિલા સભ્યો દ્વારા શુક્રવારે સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ ખાતે રક્ષાબંધન પર્વ ઉજવવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલન અંતર્ગત માસ્ક, સેનેટાઈઝર તથા સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે બાળકોને રાખડી બાંધી તેમનું મ્હોં મીઠું કરાવાયું હતું તેમજ તેમના સ્વાસ્થ્ય અને સલામતી માટે ઈશ્વર સમક્ષ પ્રાર્થના કરવામાં આવી હતી. આ ઉજવણીમાં સંસ્થાના કાઉન્સિલર દિપાલીબેન ઉપાધ્યાય સહિત મનિષાબેન ભટ્ટ અને માર્ગીબેન ભટ્ટ જોડાયા હતા.

## અખિલ ભારતીય ગુજરાતી સમાજના પ્રમુખ તરીકે વિભાબેન ઠક્કરની નિમણુંક

ગાંધીનગર, તા.૧

નગરના જાણીતા અને સેવા કાર્ય સાથે જોડાયેલા લોહાણા સમાજના વિભાબેન ઠક્કર અનેક



સંસ્થાઓમાં સેવા કાર્ય કરી જાણીતા બન્યા છે અને હાલમાં જ તેમની નિમણુંક અખિલ ભારતીય ગુજરાતી સમાજના પ્રમુખ તરીકે થઈ છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રેમનારાયણ રામકલપ તિવારી, ઉ.વ. ૫૯, સેકટર-૪-સી, ગાંધીનગર
- સ્વ. અમિતા રશ્મીકાન્ત મહેતા, ઉ.વ. ૭૩, સેકટર-૩૦, ગાંધીનગર
- સ્વ. પટેલ ધુળીબેન ખોડાભાઈ, ઉ.વ. ૮૦, મુ. કલોલ, જી. ગાંધીનગર

# શહેરના રહીશને ગાડીઓમાં ડિસ્કાઉન્ટની લાલચ આપી ૨૩ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા.૧

દંપતિએ ગાડીઓ સસ્તા ભાવે અપાવવાની લાલચ આપી શહેરના એક નાગરીક સાથે રૂ.૨૩ લાખની છેતરપિંડી થવા પામી છે. મહાઠગ દંપતિએ કોઈ પણ ઓટોમોબાઈલ કંપનીની ફોર વ્હીલ ગાડીમાં મસમોટું ડિસ્કાઉન્ટ આપવાની લાલચ આપી એક અલ્ટો તેમજ બે એકટીવા સસ્તા અપાવી વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ વિવિધ ગાડીઓ અપાવવાના બહાને ફરીયાદી પાસેથી છેલ્લા એક વર્ષમાં રૂ.૨૩ લાખ લઈ ગાડી કે રૂપીયા પણ પરત આપ્યા નથી. બનાવ અંગે ફરીયાદીએ સેકટર-૨૧ પોલીસ મથકમાં દંપતિ સામે છેતરપિંડીનો ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧૪ શિવશકિત સોસાયટી પ્લોટ નં. ૨૪૪-૧ ખાતે રહેતા પંકજભાઈ રામજીભાઈ ચૌધરી પોતાના પરિવાર સાથે રહે છે. ફરીયાદી પંકજભાઈના જણાવ્યા મુજબ આજથી એક અગાઉ મારા મિત્ર મહેશભાઈ ચૌધરીએ તેમની ઓળખ ચેતન ઘાટે અને ભુમિકા ઘાટે (રહે.કુડાસણ) સાથે કરાવી હતી. કોઈપણ નવી કાર આ દંપતિ સારા ડિસ્કાઉન્ટથી અપાવે છે તેવી વાત કરી હતી. ત્યારબાદ પંકજભાઈ અને ચેતન ઘાટે વચ્ચે પરિચય વધતા કોઈપણ સંબંધીને ફોર વ્હીલ કારની ખરીદી કરવાની હોય તો કહેજો બધાથી વધારે સસ્તામાં ગાડી અપાવીશું તેમ જણાવ્યું હતું. ફરીયાદીના વિસનગર ખાતે રહેતા સંબંધીને અલ્ટો કાર લેવાની હોવાથી ચેતન અને ભુમિ ઘાટેનો સંપર્ક કર્યો હતો. સેકટર-૨૬ ડી માર્ટ ખાતે તેમણે બોલાવી અલ્ટો કાર રૂ.૩ લાખમાં પડશે તેમ વાત કરી હતી. ત્યારબાદ આરટીજીએસથી રૂ.૩ લાખ જય અંબે ટ્રેડર્સના એસબીઆઈના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. ત્યારબાદ અલ્ટો કાર પણ અપાવી દીધી હતી. થોડા સમય પછી અન્ય પરિચિતને અલ્ટો કાર લેવાનું થતા ફરીવાર ચેતન ઘાટેનો સંપર્ક કરતા તેમણે રૂ.૩ લાખ જમાવાનું કહેતા જમા કરાવ્યા હતા.પરંતુ સમય મર્યાદામાં કાર મળી ન હતી. જેથી ચેતન ઘાટે એ કાર આવશે એટલે મળી જશે તેમ જણાવ્યુ હતું. ત્યારબાદ તે અરસામાં બે એકટીવા અપાવ્યા હતા અને બે લાખ પરત આપવાનું જણાવ્યું હતું. ફરીયાદીને વિશ્વાસ આવતા તેઓએ ઈનોવા કારના બુકીંગ માટે ૨ લાખ, તેમના મિત્રની કાર માટે ૩ લાખ તેમજ અન્ય એક મિત્રને ઈનોવા માટે ૧૮ લાખ રોકડા આપ્યા હતા. આમ દંપતિએ કુલ રૂ.૨૩ લાખ રૂપીયા લઈને પણ ગાડીઓ ન આપીને છેતરપિંડી આચરી છે. બનાવ અંગે ફરીયાદીએ સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



શહેરમાં વરસાદ થોડો પડયો છે ને ખાડા વધુ પડયા તેવી સ્થિતિ જોવા મળી રહી છે. શહેર આખું જાણે ખાડાનગર બની ગયું છે. વાહનચાલકોને વાહન ચલાવતા રસ્તામાં કયાંક ભુવો ન આવી જાય એ ડર સતત સતાવે છે તેથી તેઓ સચેત થઈને વાહન ચલાવવું યોગ્ય માની રહ્યા છે. શહેરના 'ખ' માર્ગ પર ચોમાસું સીઝનની શરૂઆતમાં જ ખ-૬ થી ખ-૭ તરફ જતા ભૂવો પડયો હતો જે હજુ પણ જેમનો તેમ છે જે અહીંથી પસાર થતા વાહનચાલકો તથા રાહદારીઓ માટે જોખમરૂપ બની શકે છે.

# દેર આયે દુરસ્ત આયે : નવી શિક્ષણનીતિને મળ્યો આવકાર

**કેન્દ્ર સરકાર દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને મંજૂરી આપી દેવામાં આવી છે અને આ શિક્ષણનીતિને ચોતરફથી પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આશરે ૩૪ વર્ષ પછી દેશમાં નવી શિક્ષણનીતિ લાગુ પડી રહી છે જેમાં પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિમાં ધરમૂળથી ફેરફારો કરી મોટુ પરિવર્તન કરવામાં આવ્યું છે અને કેટલાંક સાહસિક નિર્ણયો લેવામાં આવ્યા છે. વિશ્વમાં સૌથી વધુ અભિપ્રાયો મેળવીને તેના વિશ્લેષણના આધારે આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી હોવાનો કેન્દ્ર સરકારનો દાવો છે. ગાંધીનગર છેલ્લાં કેટલાક વર્ષોથી એક ''એજ્યુકેશન હબ'' બનીને ઉભર્યુ છે ત્યારે નવી શિક્ષણનીતિ કેવી છે અને તેની દુરોગામી અસરો કેવી પડશે તે શિક્ષણ જગત સાથે સંકળાયેલા કેટલાંક નિષ્ણાંતો પાસેથી ગાંધીનગર સમાચારે જાણવા પ્રયાસ કર્યો છે જે અત્રે પ્રસ્તુત છે.**

ગાંધીનગર, તા. ૩૧

●●●

''રાષ્ટ્રને આશરે ૩૫ વર્ષ પછી નવી શિક્ષણનીતિ મળી છે. ૨૫ વર્ષે એક આખી પેઢી બદલાઈ જાય છે જ્યારે આજે ૩૫ વર્ષના વ્હાંણા



વહી ગયાં છે. આ શિક્ષણનીતિમાં વિદ્યાર્થીજીવનની તમામ શૈક્ષણિક વ્યવસ્થાને આવરી લેતી બાબતોનો પડઘો છે. આ નીતિમાં પ્લેગૃપ, કેજી-૧, કેજી-૨ તથા ધો. ૧ અને ધો. ૨ એમ પહેલા પાંચ વર્ષ ફાઉન્ડેશન કોર્સ તરીકે સમાવાયા છે જેની અસર ભવિષ્યમાં ભારતીય શિક્ષણ પર મોટી પડશે. ધોરણ-૫ સુધી માતૃભાષામાં શિક્ષણો આગ્રહ ખૂબ આવકાર્ય છે. આ શિક્ષણનીતિમાં શિક્ષકો માટે મહત્વના ફેરફારો સૂચવ્યાં છે અને નવી શિક્ષણ નીતિ યુઝર ફ્રેન્ડલી મોબાઈલ એપની જેમ સરળ અને સંપૂર્ણપણે વિદ્યાર્થીલક્ષી છે જેનાથી વિદ્યાર્થીઓને લાભ થશે. ઉચ્ચ શિક્ષણમાં ટેકનોલોજી અને સંશોધન પર મુકાયેલો ભાર શિક્ષણક્ષેત્રે સારી અસરો ઉપજાવશે.''

**- હર્ષદભાઈ પટેલ**
**કુલપતિ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન**

●●●

''નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કેટલાંક ખૂબ આવકારદાયક નિર્ણયો કરવામાં આવ્યાં છે. આપણે સ્વતંત્ર થયા ત્યારથી



માતૃભાષાની અવગણના થતી હતી પરંતુ આ સરકારે ધોરણ પાંચ સુધીનું શિક્ષણ માતૃભાષામાં જ થવું જોઈએ તેમ કહીને તે ગ્રહણ દૂર કર્યુ છે. ૩ થી ૬ વર્ષના બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણની સરંચનાની વાત કરીને પાયાનું કામ કર્યુ છે. ઉચ્ચ શિક્ષણમાં પણ એક સાથે અનેક પ્રકારના અભ્યાસની છૂટ આપીને શક્તિને વાચા આપી છે. એક ખૂબ અગત્યની વાત એ છે કે એચઆરડી મંત્રાલયનું નામ બદલીને શિક્ષણ મંત્રાલય કરવામાં આવ્યું છે. જે સંકેત શુભ અને સૂચક છે. ૩૫ વર્ષના અંતરાલ બાદ જાહેર થયેલી આ શિક્ષણનીતિ આવકાર્ય અને અભિનંદનને પાત્ર છે.''

**- હર્ષદભાઈ પ્ર. શાહ**
**કુલપતિ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી**

●●●

''ભારતમાં નવા નવા નીતિ નિયમો લાગુ પાડવામાં આવે છે પરંતુ તેનુ ઈમાનદારીપૂર્વક ચુસ્તપણે અમલીકરણ થાય તે પણ જરૂરી છે. નવી



રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઘણી મોડી આવી છે પરંતુ તેનુ હવે ચુસ્તપણે પાલન થાય તે જોવુ રહ્યું. હરિયાણામાં એવું તો શું બન્યું કે વાલીઓ પોતાના બાળકોને ખાનગી શાળામાંથી સરકારી શાળામાં મુકવા લાગ્યાં? કારણ કે જ્યારે ઉચ્ચ વર્ગનું બાળક ખાનગી શાળામાં નાનપણથી ભણવા છતાં અગ્રેસરતા નથી હાંસલ કરતું તેની સામે ગરીબ વર્ગના બાળકો અવારનવાર અવ્વલ નંબરે મેદાન મારી જવા લાગ્યાં હતા. અત્યારે જુઓ તો મોટા ભાગના બાળકો શરીરે કુપોષિત અને નબળાં, શું તેમના શિક્ષણ સિંચન સાથે શારિરિક વિકાસનું કોઈ મહત્વ નહીં? વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખવો તે આજના યુગની અનિવાર્ય બાબત છે.''

**- બી.કે. નિર્મલ**
**ડાયરેક્ટર, શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ**

●●●

''ધો. ૫ સુધી બાળક કોમળ માનસ ધરાવતું હોય છે ત્યારે તેને તેની માતૃભાષામાં શિક્ષણ આપવું આવકારદાયક છે. નવી રાષ્ટ્રીય



શિક્ષણ નીતિમાં વિવિધ કળાઓ, વ્યવસાયો અને જ્ઞાન તેમજ સમજ આધારિત શિક્ષણ હોવાથી બાળકોથી લઈ યુવાનો અને રાષ્ટ્રને નવી દિશા ચિંધશે અને વિશ્વમાં જરૂર ડંકો વગાડશે. અત્યાર સુધી મારી પાસે એવા વાલીઓ આવતા હતા જેમને બાળકને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ માટેનું ફોર્મ પણ અંગ્રેજીમાં ભરતાં આવડતું નહોતુ તેઓ પોતાના બાળકને કેવી રીતે ભણાવે ? બાળકની ગ્રહણશક્તિ માતૃભાષામાં જ સારી હોય છે કેમકે તે માતૃભાષામાં વિચારે છે અને પછી તેને જે માધ્યમમાં ભણે છે તેમાં ટ્રાન્સલેટ કરે છે. વળી, અંગ્રેજી માધ્યમનું શિક્ષણ દરેકને પોસાય તેવુ નથી હોતુ ત્યારે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ આપવાનો નિર્ણય ખૂબ આવકારદાયક છે.''

**- ડો. ચેતના બુચ**
**આચાર્ય, શેઠ સી.એમ. આઈસ્કૂલ**